## બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# ઈબ્રાહિમના પ્રેમની કસોટી


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus Alastair P.

અનુકૂલન : M. Maillot; Tammy S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children

www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada



©2021 Bible for Children, Inc.

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.






એક રાત્રે ઈશ્વરે ઈબ્રાહિમને એક વિચિત્ર આજ્ઞા કરી. તે કસોટી કરવા માગંતો હતો કે ઈબ્રાહીમ તેના પુત્રને ઈશ્વર કરતાં વધારે પ્રેમ કરે છે કે કેમ?


“તારો દિકરા ઈસ્હાકને લઈને જા. અને તેનું
યજ્ઞબલી ચઢાવ” ઈશ્વરે આજ્ઞા ફરમાવી.
ઈસ્હાકનું બલિદાન? પોતાના
દીકરાનું બલિદાન? તે
ઈબ્રાહિમ માટે ખૂબ જ કઠણ
હતું. તે તેના પુત્રને ખુબ
જ ચાહતો હતો.
3
જ્યારે તે સમજી શકતો ન હતો છતાં પણ ઈશ્વર પર
ભરોસો રાખતા ઈબ્રાહીમ શીખ્યો હતો.
વહેલી સવારે તે તેના દીકરા ઈસ્હાક અને
અને તેના બે ચાકરો સાથે પહાડ પર જવા
માટે નીકળી પડ્યો.
4
ઈબ્રાહીમે નીકળતા પહેલા
લાકડાં ચીર્યા જેથી તેનો
ઉપયોગ યજ્ઞબલીમાં થઈ શકે.
ઈબ્રાહીમે ઈશ્વરની આજ્ઞા
પાળવાનું નક્કી કર્યું.
5
ત્રણ દિવસની મુસાફરી પછી તે લોકો
પહાડની નજીક આવી પહોંચ્યા. “ત્યાં
રહો”. ઈબ્રાહીમે તેના ચાકરોને
જણાવ્યું. “અમે જઈને ઈશ્વરનું ભજન
કરીને પાછા આવીશું”
ઈસ્હાકે માથે લાકડાં
લીધા જ્યારે ઈબ્રાહીમે
આગ અને છરો
હાથમાં લીધો.
6
“હોમબલિ માટે ઘેટો ક્યાં છે?”
ઈસ્હાકે પૂછ્યું. “ઈશ્વર જાતે ઘેટો પુરો
પાડશે.” ઈબ્રાહીમે જવાબ આપ્યો.
7
એ બંને લોકો ઈશ્વરે પસંદ કરેલી જગ્યા
પર આવી પહોંચ્યા. ત્યાં ઈબ્રાહીમે વેદી
બાંધીને તેમાં લાકડા ગોઠવ્યા. જેથી તે
ઈશ્વરને બલિદાન આપી શકે. ઈબ્રાહીમે
ઘણી વેદીઓ બનાવી હતી. ખરેખર સર્વ
વેદીઓમાં આ સૌથી વધુ અઘરી
વેદી હતી.
8


ઈબ્રાહીમે પોતાના દિકરા ઈસ્હાકને બાંધ્યો અને તેને આ વેદી પર ગોઠવ્યો. શું ઈબ્રાહીમ ખરેખર ઈશ્વરને આધિન થવા માટે જઈ રહ્યો હતો અને પોતાના એકના એક પુત્ર ઈસ્હાકનું બલિદાન આપનાર હતો? હા, જ્યારે ઈબ્રાહીમે છરો ઉઠાવ્યો ત્યારે તે ચમકથી ચમકી ઉઠ્યો. તેનું હૃદય તૂટી રહ્યું હતું. પણ તેને ખબર હતી કે તેણે ઈશ્વરની આજ્ઞા પાળવાની હતી.
9
“રોકાઈ જા” ઈશ્વરના દૂતે હાંક મારી. “હવે હું ખરેખર જાણું છું કે તું ઈશ્વરથી ડરે છે. તેં તારો એકનો એક પુત્ર મારાથી પાછો રાખ્યો નથી.”
10
તેણે એક ઘેટાને ઝાડવામાં ભરાયેલો જોયો, ઈબ્રાહીમે ઈસ્હાકને છોડીને, તેના બદલે ઘેટાનું બલિદાન કર્યું. કદાચ ઈસ્હાકે વિચાર્યું હશે કે “મારા પિતાના કહ્યા પ્રમાણે ખરેખર ખેટો પુરો પાડ્યો છે.”
11
જ્યારે પિતા અને પુત્ર ભજન કરતાં હતા ત્યારે ઈશ્વરે ઈબ્રાહીમ સાથે વાત કરી. “તેં મારી આજ્ઞા પાળી છે તેના કારણે તારા બાળકો દ્વારા દુનિયાના બધા દેશો આશીર્વાદ પ્રાપ્ત કરશે. એક દિવસે ઈબ્રાહીમના સંતાન રૂપે ઈસુનો જન્મ થશે.”
12
ઈબ્રાહીમ અને ઈસ્હાક ઘરે પાછા ફર્યા. થોડા સમય પછી નિરાશા આવી. સારાહ મરી ગઈ. ઈબ્રાહીમે પોતાની પત્નીને ગુમાવી જ્યારે ઈસ્હાકે માતા ગુમાવી.
13
દફનવિધિ પુરી થયા પછી, ઈબ્રાહીમે પોતાના મુખ્ય ચાકરને ઈસ્હાકની પત્ની શોધવા માટે મોકલ્યો. આ ચાકર તેઓના પોતાના વતનમાં જ્યાં તેના સગા સંબંધી રહેતા હતા ત્યાં વહુ શોધવા માટે નીકળી પડ્યો.
14

આ ચાકરે ઈશ્વર પાસે નિશાની માંગી. "જે છોકરી મારા ઊંટોને પાણી પીવડાવશે તે ઈસ્હાક માટે યોગ્ય હશે." ત્યાં તરત જ રીબેકાહે તેને પાણી પાયું. તે ઈબ્રાહીમના સગામાની એક હતી. ચાકરને ખબર પડી કે ઈશ્વરે તેની પ્રાર્થનાનો જવાબ આપ્યો છે.



15

રીબેકાહ પોતાના કુટુંબને મૂકીને ઈસ્હાકને લગ્ન કરવા માટે ગઈ. ઈસ્હાકની માતા સારાહના મૃત્યુ પછી રીબેકાહ તેના માટે દિલાસારૂપ બની. ઈસ્હાકે તેના પર કેટલો બધો પ્રેમ કર્યો!



16

ઈબ્રાહિમના પ્રેમની કસોટી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૨૨-૨૪

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

17

# સમાપ્ત

5 60

18

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬

19